# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/075 Dt. 04/09/2024

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI દ્વારા Investment Forum : Understanding Macroeconomics & Prospects in the Capital Market in Modi 3.0 Era વિષે કાર્યક્રમ યોજાયો

## મોરગન સ્ટેનલીના મેનેજિંગ ડિરેકટર શ્રી રિધમ દેસાઇએ ભારતમાં બુલ માર્કેટમાં છેલ્લા દસ વર્ષમાં આવેલા ઉછાળા માટે સરકારની પોલિસી અને ત્રણ મહત્વની બાબતો ઉપરાંત બુલ માર્કેટ માટે જરૂરી પ્રોફીટ, લિવરેજ, પ્રાઇઝ, સેન્ટીમેન્ટ અને વેલ્યુએશન વિષે સુરતના ઉદ્યોગકારો અને રોકાણકારોને વિસ્તૃત માહિતી આપી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા તા. ૩૦ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ પ્લેટીનમ હોલ, સરસાણા, સુરત ખાતે Investment Forum : Understanding Macroeconomics & Prospects in the Capital Market in Modi 3.0 Era વિષય પર કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ફાયનાન્શીયલ સર્વિસિસમાં ગ્લોબલ લીડર તરીકે ઓળખાતા મોરગન સ્ટેનલીના મેનેજિંગ ડિરેકટર શ્રી રિધમ દેસાઇએ સુરતના ઉદ્યોગકારો, પ્રોફેશનલ્સ અને રોકાણકારોને બુલ માર્કેટ સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ કાર્યક્રમમાં સર્વેને આવકાર્યા હતા અને જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના ત્રીજા ટર્મનું મહત્વ, તેમના પ્રથમ બે ટર્મ દરમિયાન ભારતમાં

ઔદ્યોગિક જ નહીં પણ દરેક ક્ષેત્રે જોવા મળેલા પરિવર્તન પરથી સમજી શકાય છે. જીએસટી, ઇન્સોલ્વન્સી અને બેંકરપ્સી કોડ તથા આધાર અને યુપીઆઇ જેવી ડિજિટલ પહેલને કારણે નાણાંકીય વ્યવહારમાં મોટું પરિવર્તન આવ્યું છે. વડાપ્રધાનશ્રીના પ્રથમ બે કાર્યકાળ દરમિયાન, ભારતનો જીડીપી દર વર્ષે સરેરાશ ૬.૭ ટકાના દરે વધ્યો, જે તેને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થ વ્યવસ્થાઓમાંની એક બનાવે છે. ભારત હાલમાં જીડીપી દ્વારા વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થ વ્યવસ્થા છે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં જર્મની અને જાપાનને પાછળ છોડીને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

મોરગન સ્ટેનલીના મેનેજિંગ ડિરેકટર શ્રી રિધમ દેસાઇએ જણાવ્યું હતું કે, ઇન્વેસ્ટનો કોઇ રૂલ નથી. દરેક વ્યકિત પોતાના ટર્મ પ્રમાણે ઇન્વેસ્ટ કરી શકે છે. રોકાણકારોએ પોતાના કમ્ફર્ટ પ્રમાણે જ રોકાણ કરવાનું હોય છે. કેપિટલ માર્કેટમાં રોકાણ કરતી વખતે અન્ય કોઇની નકલ કરવાની હોતી નથી. તેમણે રોકાણકારોને ભારતમાં ચાલી રહેલા બુલ માર્કેટ અને તેમાં આવી રહેલા ઉછાળા પાછળના ત્રણ આધાર વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારતમાં મેક્રો એન્વાયરમેન્ટ બદલાઇ રહયું છે અને તેનું ફાઉન્ડેશન વર્ષ ૨૦૧૫માં મુકાયું હતું. નરેન્દ્રભાઇ મોદી જ્યારે વડાપ્રધાન બન્યા ત્યારે ભારતનો ઇન્ફલેશન રેટ ૧૦ ટકાની ઉપર હતો અને ત્રણ – ચાર વર્ષ એવી જ સ્થિતિ રહી હતી.

ઇન્ફલેશન રેટ સંદર્ભે આરબીઆઇ પાસે કોઇ પોલિસી ન હતી, આથી વડાપ્રધાને આરબીઆઇને ઇન્ફલેશનને કન્ટ્રોલ કરવા અને ઇન્ફલેશન રેટને નીચે લાવવા તેમજ લોકોને સમજાય એ રીતે હેડલાઇન ઇન્ફલેશન રેટને ૪ ટકા કરવાની દિશામાં કાર્ય કરવાની સૂચના આપી હતી. હવે ઇન્ફલેશન રેટ ૪.૫ ટકા તથા તેની આજુબાજુ રહે છે. છેલ્લા નવ વર્ષથી ઇન્ફલેશન રેટ તો નીચે આવ્યો પણ તેની સાથે સાથે ખૂબ જ અગત્યની બાબત જેવી કે વોલેટીલિટી ઇન્ફલેશન રેટ નીચે આવ્યો. દેશમાં ઇતિહાસ રહયો છે કે છેલ્લા ૧૪ વર્ષમાં કેપિટલ માર્કેટમાં ભારતે હાઇએસ્ટ ગ્રો કર્યો છે.

તેમણે રોકાણકારોને જણાવ્યું હતું કે, દસ વર્ષ માટેનો બોન્ડ લઇએ તો વર્ષના ૭ ટકાના વ્યાજ મુજબ રિટર્ન મળે છે પણ ઇકવીટીમાં એવું નથી. કોઇ કંપનીની ઇકવીટી લઇએ ત્યારે આવતા વર્ષે તેના ભાવ વિશે આપણે કલ્પના નહીં કરી શકીએ. દસ વર્ષ પછી તેનો ભાવ શું રહેશે અથવા તો કંપની રહેશે કે કેમ? તેના વિશે આપણે અંદાજો લગાવી શકીએ નહીં. કેપિટલ માર્કેટમાં વેલ્યુ આખી જુદી બાબત છે. ઇકવીટીનો ભવિષ્યમાં કેશ ફલો શું રહેશે તેના વિશે આપણે જાણી શકાય નહીં. વોલેટીલિટી ઇન્ફલેશન ડાઉન થાય છે ત્યારે ગ્રોની અપેક્ષા વધી જાય છે અને જ્યારે ગ્રોની અપેક્ષા વધે છે ત્યારે ઇકવીટી બોન્ડની નજીક હોય છે. ભારતના બુલ માર્કેટના પાછળ આ ફાઉન્ડેશન એક આધાર રહયો હતો.

વર્ષ ૨૦૧૫માં બીજી બાબત એવી થઇ કે વડાપ્રધાન મોદીજીએ રિટાયરમેન્ટ ફંડ એટલે કે નેશનલ પેન્શન ફંડ અને પ્રોવિડન્ટ ફંડને ઇકવીટી લેવાની અનુમતિ આપી હતી. ત્યાં સુધી માત્ર ગવર્નમેન્ટ બોન્ડ લેવાની અનુમતિ હતી, પરંતુ વર્ષ ૨૦૧૫માં સરકારે તેઓને ઇકવીટી લેવા જણાવી દીધું હતું. ત્રીજી બાબત એવી થઇ કે, કેન્દ્રિય નાણાંમંત્રીએ કો–ઓપરેટ ટેક્ષમાં ઘટાડો કર્યો હતો. દેશના કો–ઓપરેટ સેકટરને વધુ મજબુત કરવા માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેથી કરીને કો–ઓપરેટનું પ્રોફીટ વધે એટલે તેઓ વધારે ઇન્વેસ્ટ કરી શકે. તેઓ ઇન્વેસ્ટ કરે એટલે જોબ ક્રિએશન થાય અને જોબ ક્રિએશન થાય એટલે પ્રોસ્પીરિટી આવે અને એનાથી દેશ આગળ વધે. આ ઉપરાંત પીએલઆઇ સ્કીમ લોન્ચ કરી અને ઉદ્યોગ સાહસિકોને વધારે રૂપિયા આપ્યા.

વર્ષ ૧૯૮૪માં પોવર્ટી રેટ ૩૦ ટકા હતો. વર્ષ ૨૦૧૪માં પણ પોવર્ટી રેટ ૩૦ ટકા જ હતો, પરંતુ છેલ્લા ૧૦ વર્ષમાં પોવર્ટી રેટ અડધો થઇ ગયો. કારણ કે, સરકારે લોકોને ગરીબીમાંથી બહાર લાવવા માટે રૂપિયા ડિસ્ટ્રીબ્યુટ નથી કર્યા પણ લોકો માટે રોજગારીની નવી તકો ઉભી કરવા માટે રૂપિયા ડિસ્ટ્રીબ્યુટ કર્યા અને તેનાથી લોકો ગરીબીમાંથી બહાર આવ્યા.

તેમણે જણાવ્યું હતું કે, સ્ટોક માર્કેટમાં ૧૦ કરોડ પેનધારક છે, જેઓ વ્યકિતગત રીતે ગ્રો કરી રહયા છે. ૧૬ કરોડ લોકો સ્ટોક માર્કેટમાં છે અને આ નંબર છેલ્લા ૧૦ વર્ષમાં ૬ ટાઇમ વધ્યો છે. આવી રીતે મેક્રો ઇન્ફલેશન, ફલેકસીબલ ઇન્ફલેશનને ટારગેટ કરાયો, ઇકવીટીમાં ડોમેસ્ટીક રિએલોકેશન કરવામાં આવ્યું અને તેનાથી હાઉસ હોલ્ડ બેલેન્સશીટમાં બદલાવ થયો અને કો–ઓપરેટીવ પ્રોફીટમાં વધારો સરકારની પોલિસીને કારણે થયો છે. આ ત્રણ આધારો બુલ માર્કેટમાં આવેલા ઉછાળા માટે કારણભુત હોવાનું શ્રી રિતેશ દેસાઇએ જણાવ્યું હતું. વધુમાં, તેમણે બુલ માર્કેટ માટે જરૂરી પાંચ બાબતો જેવી કે પ્રોફીટ, લિવરેજ, પ્રાઇઝ, સેન્ટીમેન્ટ અને વેલ્યુએશન વિશે રોકાણકારોને માહિતી આપી હતી.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઇઝર શ્રી હેમંત દેસાઇ, ઉદ્યોગકારો અને રોકાણકારો તથા પ્રોફેશનલ્સ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના કો–ચેરમેન ડો. રાકેશ દોશીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઇઝર શ્રી કેતન દલાલે વકતા શ્રી રિધમ દેસાઇનો પરિચય આપ્યો હતો. વકતાશ્રીએ ઉપસ્થિત રોકાણકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.